પ્રાંતિજમાં લીઝ માફિયાઓ પર તંત્રનો સપાટો

તંત્ર એ ૨૪ ટ્રકો કબજે કરી

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા.૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાંથી પસાર થતી સાબરમતી નદી છેલ્લા ઘણા સમયથી ભૂમાફિયાઓ દ્વારા રાત-દિવસ ખોદકામ કરી રેતી સહિતની ખનીજની મોટા પાયે ચોરી કરી રહ્યા હોવાની માહિતી મળતા પ્રાંત અધિકારી અને મામલતદારની ટીમે નદીના પટમાં જુદા જુદા સ્થળો પર દરોડા પાડી ખનીજથી ભરેલા ઓવરલોડ વાહનો ડીટેઈન કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરતા ખનીજ ચોરી કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકામાંથી પસાર થતી સાબરમતી નદી કાંઠાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી દિવસ-રાત મોટા પાયે બિનઅધિકૃત રીતે ખનીજ ચોરી કરતા તત્વો રેતી-સહિત અનેક ખનીજની ચોરી કરી રહ્યા છે અને ઓવર લોડ વાહનથી પ્રદૂષણનો પ્રશ્ન પણ ઉભો થયો છે. જયારે આ મામલે અનેક વખત સાસંદ મહેન્દ્રસિંહ ચૌહાણ દ્વારા સંબંધિત વિભાગમાં લેખિત અને મૌખિક રજૂઆત કરવામાં આવી છે. ત્યારે આજે આ રજૂઆતો ધ્યાને લઈ કલેકટરની સૂચનાથી પ્રાંત અધિકારી આશાબેન શાહના નેતૃત્વમાં અલગ અલગ ટીમો બનાવી સાંજના સમયે નદીના પટમાં દરોડા પાડવામાં આવ્યા હતા અને ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

દરમિયાન અધિકારીઓને ૪ ઓવરલોડ કપચી ભરેલા ટ્રક અને અન્ય ૨૦ એમ કુલ ૨૪ ટર્બો ટ્રકને ડીટેન કરવામાં આવ્યા હતા અને મામલતદાર કચેરી લઈ આવવામાં આવ્યા હતા. બાદમાં આ વાહનના માલિકો અને ચાલકો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જેથી આવા તત્વોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

વડગામ તાલુકા પંચાયતની ૨૫ અને જિલ્લા પંચાયતની ૫ બેઠકો પર આજે ૩૬ ફોર્મ ભરાયા

વડગામ તાલુકા પંચાયતની ૨૫ બેઠકો અને જિલ્લા પંચાયતની ૫ બેઠકો પર આજ તા. ૧-૨-૨૦૧૩ના રોજ ભાજપ કોંગ્રેસ અને અપક્ષ સાથે ૩૬ ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ ભર્યા હતા.

વડગામ તલુકા પંચાયતની ૨૫ અને વડગામમાં આવતી જિલ્લા પંચાયતની ૫ બેઠકો માટે આગામી યોજાનાર ચૂંટણી સંદર્ભે ફોર્મ ભરવાના પાંચમા દિવસે ઉમેદવારોને ફોર્મ ભરવા માટેનો રાફડો ફાટેલો જોવા મળ્યો હતો. જેમાં ભાજપ-કોંગ્રેસ અને અપક્ષ મળીને ૩૬ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. જેમાં તાલુકા પંચાયતની પાંચડા બેઠક પર કોંગ્રેસના પરથીભાઈ વાલાભાઈ ચૌધરીને પાર્ટી દ્વારા આદેશ મળતાં ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. જ્યારે બસુ જિલ્લા પંચાયતની બેઠક પર વડગામ કોંગ્રેસના પ્રમુખ હબીબભાઈ એવરાએ ઉમેદવારી નોંધાવી છે જ્યારે છાપી સ્ત્રી અનામત બેઠક પર ભાજપમાંથી દક્ષાબેન સોલંકી તેમજ જલોત્રા જિલ્લા પંચાયતની બેઠક પર ભાજપમાંથી પરસોત્તમભાઈ શ્રીમાળી તેમજ અશ્વિન સકસેનાએ ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. તા. પંચાયતની મેમદપુર અનામત બેઠક પર કોંગ્રેસમાંથી પેપોલ ગામના મહેશભાઈ પરમાર તેમજ ભાજપમાંથી વશરામભાઈ ભાટીયા મેમદપુર વાળાએ ઉમેદવારી નોંધાવી હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ડીસા બસ સ્ટેન્ડમાં ગેરકાયદેસર દબાણો પર એસટી તંત્ર ત્રાટક્યુ

વેપારીઓએ દુકાનો આગળ કરેલા દબાણો દુર કર્યા

ડીસા, તા.૧

ગુજરાતમાં પ્રથમ કક્ષાના ડીસાના નવા બસ સ્ટેન્ડમાં ઘણા વર્ષોથી વેપારીઓ દ્વારા કરાયેલ આડેધડ દબાણોને કારણે મુસાફરોને ભારે પરેશાની વેઠવી પડતી હતી આ બાબતે જાગૃત નાગરિક દ્વારા ઓનલાઈનમાં ફરિયાદ કરાતા એસટી વિભાગે આજ રોજ દબાણ હટાવની કામગીરી હાથ ધરતા અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. એસટી વિભાગની લાલ આંખથી વેપારીઓ ફફડી ઉઠયા હતા.

ડીસામાં હાઈવે પર આવેલ નવીન બસ સ્ટેન્ડ ગુજરાતમાંપ્રથમ અને દેશમાંબીજા નંબરનુંબસ સ્ટેન્ડ ગણાય છે. પરંતુ બસ સ્ટેન્ડમાં દુકાનો ધરાવતા વેપારીઓએ પોતાની દુકાનો આગળ મોટા પાયે દબાણ કરી અવરજવર માટેના રસ્તાને પણ બંધ કરી દીધો હતો. વેપારીઓએ દુકાનની આગળ પોતાની ચીજ વસ્તુઓ, સામાન તેમજ વાહનો મુકી દીધા હતા તેમજ પતરાના શેડ બનાવી દુકાન સામેના મોટા ભાગના વિસ્તાર પર પોતાનો કબ્જોજમાવી દીધો હતો. જો કે વેપારીઓ દ્વારા એસટી વિભાગની જગ્યા પર ગેરકાયદેસર કરાયેલો કબ્જો એસટી વિભાગના અધિકારીઓને ધ્યાને કોઈ દિવસ આવ્યો નથી પરંતુ મુસાફરોને પડતી હાલાકીને ધ્યાને લઈ એક જાગૃત નાગરિક દ્વારા ઓનલાઈન અરજી કરાતા સફાળા જાગેલા એસ.ટી. વિભાગેપોલીસ બંદોબસ્ત સાથેદબાણ હટાવવાનું ચાલુ કરતા વેપારીઓમાં ફફડાટ મચ્યો હતો. એસટી વિભાગે દુકાનો આગળના શેડ તેમજ અન્ય વસ્તુઓ હટાવી દબાણ ખુલ્લા કર્યા હતા. જેના કારણે મુસાફરોએહાશકારો અનુભવ્યો હતો.

ડીસા તાલુકામાં ડેલીગેટ બનવા અગ્રણીઓમાં ભારે ઉત્સાહ

ડીસા, તા.૧

ડીસા તાલુકા પંચાયતની ૯ બેઠકો અને જિલ્લા પંચાયતની ૩૭ બેઠકો માટે ફોર્મ ભરવાનું શરૂ થતાની સાથે જ પ્રાંત અને મામલતદાર કચેરીએ અગ્રણીઓના ટોળેટોળા ઉમટી રહ્યા છે. ફોર્મ ભરવા માટે ભારે ધસારો જોવા મળી રહ્યો છે. ફોર્મમાં જરુરી દસ્તાવેજોની ઝેરોક્ષ કઢાવવા તેમજ ફોટા પડાવવા માટે પડાપડી સર્જાઈ રહી છે. તાલુકા પંચાયતની ચૂંટણીને લઈ ગ્રામ્ય વિસ્તારોમાં ખાટલા અને ઓટલા પરિષદ શરૂ થઈ જતા ભર શિયાળે ગરમાવો જોવા મળી રહ્યો છે. ડેલીગેટ બનવા માટે ઉમેદવારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને તડાજોડનું રાજકારણ શરુ થઈ ગયું છે. જિલ્લા પંચાયતની બેઠક માટે અત્યાર સુધીમાં ૨૩ ફોર્મ ભરાઈ ચુકયા છે.

વિદ્યાનગરી કોલેજ ખાતે પ્લેસમેન્ટ કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૧

હિંમતનગર ખાતે આવેલ ડી.એલ. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી એમ.બી.એ. કોલેજ વિદ્યાનગરીમાં આજે કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં રિલાયન્સ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની આવી હતી. આ પ્લેસમેન્ટમાં કોલેજના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી પાંચ વિદ્યાર્થીઓનું રિલાયન્સ લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીએ સિલેક્શન કર્યુંહતું. સિલેક્ટ થયેલ વિદ્યાર્થીઓને વિદ્યાનગરીના પ્રમુક ડી.એલ. પટેલ તેમજ ઈન્ચાર્જ ડાયરેક્ટર અરૂણકુમાર અગ્રવાલે અભિનંદન પાઠવ્યા હતા.

ડીસાના ઉમીયાનગર વિસ્તારમાં ધાબા પરથી પટકાતાં કોન્ટ્રાક્ટરનું મોત

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૧

ડીસાના ઉમીયાનગર વિસ્તારમાં આજરોજ બનેલ એક અકસ્માતના બનાવમાં મકાન બનાવવાના વ્યવસાય સાથે સંકળાયેલા કોન્ટ્રાકટરનું ધાબા પરથી પટકાતાં કરૂણ મોત થયું હતું. આ મામલે ડીસા શહેર પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરેલ છે.

જે અંગેની મળતી વિગતો જોતા ડીસા હાઈવે વિસ્તારમાં આવેલ જયંતનગર સોસાયટીમાં રહેતાં ભરતભાઈ ચમનભાઈ સુથાર ઉ. વર્ષ. ૪૪ વાળાઓ મકાન બનાવવાનો વ્યવસાય કરતા હતાં. જેઓ આજરોજ ઉમીયાનગર ખાતે આવેલ એક મકાનનું કામકાજ જોવા મકાનનાં ધાબા પર ચડ્યા હતાં. જ્યા અકસ્માતે તેમનો પગ લપસતાં તેઓ નીચે પટકાયા હતાં. આ અકસ્માતમાં ભરતભાઈ સુથારના માથાના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ થઈ હતી. જેઓને ૧૦૮ એમ્બુલન્સ મારફતે ડીસાની સરકારી હોસ્પીટલ ખાતે લઈ જવાયા હતાં. જોકે માથાની ઈજાએતેમને હેમરેજ થતા તેઓ મરણ પામ્યા હતાં. આ મામલે મૃતકના પુત્ર ધવલભાઈ ભરતભાઈ સુથારે ડીસા શહેર પોલીસ મથકે એ.ડી.નં. ૩/૨૦૧૩ થી જાહેરાત કરતાં હેડ. કો. વિરમાભાઈએ આ મામલાની સી.આર.પી.સી. કલમ ૧૭૪ મુજબ તપાસ હાથ ધરેલ છે.

એક જ કુટુંબના નવ નવ સભ્યે સંયમ જીવનના માર્ગે જશે

બનાસકાંઠા જિલ્લાના પાલડી (મીઠી)ના વતની અમદાવાદ, શાહીબાગ નિવાસી અમૃતલાલ વારૈયા, સુપુત્ર મુક્તિભાઈ તથા અ.સૌ. પ્રભાબેનની ચાર-ચાર પુત્રીઓ ૧૦ વર્ષ પૂર્વે જયરેમાશ્રીજી મ.સા.ના શિષ્ય તરીકે ચારિત્ર ધર્મનો સ્વીકાર કરેલ છે. પ.પૂ. મુનિ શ્રી તત્ત્વ પ્રભ વિ.મ. સા. ની પ્રેરણાથી અને તેમની દીકરીઓનાં આવંબનથી હવે મુક્તિભાઈ, સુશ્રી પ્રભાબેન, સુપુત્ર કૌશિક, ચિ. અક્ષય, ચિ. પૂજા. એમ પાંચ વ્યક્તિઓ સંયમ લેવે તૈયાર થયા છે. આ પ્રસંગે મુનિશ્રી તત્વપ્રભ વિગ. ગણિવર હાજરી આપનાર છે.

ઈડરની જે.જે. દેસાઈ શાળામાં પ્રજાસત્તાક પર્વ ઉજવાયો

હિંમતનગર, તા.૧

ઈડર તાલુકાના ભદ્રેસર ખાતે આવેલ અને નૂતન એજયુકેશન ટ્રસ્ટ સંચાલિક જે.જે. દેસાઈ હાઈસ્કૂલમાં તાજેતરમાં ૬૪માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો અને આમંત્રિત મહાનુભાવો હાજર રહ્યા હતાં.

આ પ્રજાસત્તાક પર્વે હાઈસ્કૂલના પ્રાંગણમાં આયોજીત ધ્વજવંદન કાર્યક્રમમાં બાબુભાઈ દેસાઈએ તિરંગો લહેરાવી ધ્વજને સલામી આપી હતી. આ પ્રસંગે સરપંચ રમીલાબેન વણકર, ભોલેશ્વર અર્ચના, પાદરી અવિનાશભાઈ અસારી લુસાડીયા પ્રાથમિક શાળાના નિવૃત્ત આચાર્ય ધીરજીભાઈ ડામોર વગેરે મહાનુભાવો હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે શાળાના બાળકો દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

મોડાસાના ટીંટોઈ ખાતે ભારત સ્કાઉટ સંઘ દ્વારા 'ખરી કમાઈ' સપ્તાહનો શુભારંભ

હિંમતનગર, તા.૧

મોડાસાના ટીંટોઈ ગામે ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા 'ખરી કમાઈ' સપ્તાહનો શુભારંભ ચીફ કમિશનર અતુલભાઈ દિક્ષિતના હસ્તે કરાયો હતો. જેમાં સ્કાઉટવીરો ઉત્સાહભેર જોડાયા હતા.

'ખરી કમાઈ' એટલે કે નાનપણથી કામ કરવાની પ્રેરણા મળે. બાળકોને રૂપિયાની કિંમત સમજાય તેમજ કામ કરવાનો ક્ષોભ દુર થાય અને રૂપિયા રળવા માટે મહેનત જરુરી છે. તેવી પ્રેરણા મળે છે. સ્કાઉટ માસ્ટર પ્રદિપભાઈ અને જિલ્લા કાર્યાલયમંત્રી અરવિંદ ભાવસારની આગેવાનીમાં સ્કાઉટવીરોએ બજારમાં આવેલી દુકાનો, લુહારીકામ, ડોકટર તેમજ અન્ય રોજગારમાં મદદરૂપ થઈ જે વળતર દુકાન માલિકે આપ્યું તેને લઈ આનંદ અનુભવી રહ્યા હતા. તેમજ ગામ સફાઈ કરી પ્રજાને જાહેરમાં ગંદકી ન કરવા સમજાવ્યા હતા. 'ખરી કમાઈ' પ્રોજેકટથી સ્કાઉટ વીરો મહેનત કરવા ઉત્સુક બને છે અને આળસ ખંખેરી વિવિધ કામગીરીનો અનુભવ મેળવે છે. આ પ્રસંગે ટીંટોઈ કેળવણી મંડળના ચેરમેન પ્રહલાદસિંહ ચંપાવત ઉપસ્થિત રહ્યા હતાં.

શિહોરી-ખીમાણા હાઈ-વે પર ટ્રેલરની ટકકરે રાહદારીનું મોત

કાંકરેજ, તા.૧

કાંકરેજ તાલુકાના શિહોરી-ખીમાણા હાઈ-વે પર એક અજાણ્યા ટ્રેલર ચાલકે રાહદારીને ટકકર મારી રાહદારીને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડતા ઘટના સ્થળે જ કમકમાટીભર્યું કરૂણ મોત નિપજયું હતું. આ બનાવ અંગે શિહોરી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કાંકેરજ તાલુકાના ચેકલા ગામે રહેતા અને ખેત મજૂરી કરી પોતાનું અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા દશરથજી થાનાજી ઠાકોર આજે સવારે ૭-૦૦ કલાકે પોતાના ઘરેથી ડેરીએ દૂધ ભરાવવા નિકળ્યા હતા અને બાદમાં પોતાના ખેતર તરફ ચાલતા જતા હતા. આ દરમિયાન એક અજાણ્યા ટ્રેલર ચાલકે રાહદારીને જોરદાર ટકકર મારી હતી અને ટ્રેલર લઈ ફરાર થઈ ગયો હતો. ટ્રેલરની ટકકરથી રાહદારીને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી આથી ઘટના સ્થળે જ કમકમાટીભર્યું કરૂણ મોત નિપજયું હતું. વારંવાર બનતા ગંભીર અકસ્માતને પગલે આ હાઈ-વે પર બમ્પ બનાવવા પણ માંગ થઈ રહી છે. આ અકસ્માતને સંદર્ભે શિહોરી પોલિસે ગુનો નોંધી ફરાર ટ્રેલર ચાલકની શોધખોળ હાથ ધરી છે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ જાહેર થતાં જ રાજકીય પક્ષોમાંથી ઉમેદવારી નોંધાવવા ઉમેદવારોમાં ચહલપહલ ચાલી રહી છે ત્યારે આજે સવારે કાંકરેજ તાલુકા પંચાયત ઉંબરી-૨૨ સીટમાંથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે ખેતુભા નરસંગજી વાઘેલાએ ઉમેદવારી નોંધાવી હતી. આ પ્રસંગે તેમના રઘુભા વાઘેલા, સોરાબજી પરમાર, ઝેણુભા લાલજી વાઘેલા, આંબજી (ડેલીગેટ), જીતુભા, સબળસિંહ, વિરમસિંહ, રામભા, વિજુભા સહિત અસંખ્ય ટેકેદારો હાજર રહ્યા હતા. (તસવીર : આશારામ રાવલ, કાંકરેજ)

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮